**ધોરણ-10 એકમ કસોટી - 2 2020 - 21 ગુજરાતી માધ્યમ**

**TOTAL MARKS: - 25 વિષય: - (01) ગુજરાતી પ્રથમ ભાષા TIME: - 45 MINUTES**

---

**સૂચના:** આ પ્રશ્નપત્ર માં કુલ 12 પ્રશ્નો છે, જે તમામ ફરજિયાત છે.
ઉત્તરો તમારી એકમ કસોટી નોટબુકમાં લખવાના છે.

## પદ્ય વિભાગ

**પ્રશ્ન 1** જોડકા ગોઠવો. **(07 ગુણ)**

**(અ)** **1**

| ‘અ’ વિભાગ | ‘બ’ વિભાગ |
|---|---|
| ૧. દીકરી | ૧. ગીત |
| ૨. હું એવો ગુજરાતી. | ૨. ઊર્મિગીત |
| | 3. ગઝલ |

**(બ)** નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તરો આપો. **2**
૧. શીલવંત સાધુના ચિત્તની વૃતિઓ કેવી હોય છે?
૨. દીકરી માથે હાથ ફેરવવો અને દીકરી હાથ દે એમાં શો ફરક છે?

**(ક)** નીચે આપેલા પ્રશ્નોના બે – ત્રણ વાક્યોમાં ઉત્તર આપો. (ગમે તે એક) **2**
૧. સત્યના આ યુગની કઈ વિશેષતા છે?
૨. કોના દર્શન કરવાથી એકોતેર પેઢી તરી જાય છે?

**(ડ)** નીચે આપેલા પ્રશ્નોનો મુદ્દાસર ઉત્તરો આપો. (ગમે તે એક) **2**
૧. નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયાં-કયાં લક્ષણો જણાવે છે ? તમારા શબ્દોમાં વર્ણવો ?
૨. કવિ ગુજરાતી હોવાનું ગૌરવ કયાં-કયાં કારણોસર અનુભવે છે ?

## ગદ્ય વિભાગ

**પ્રશ્ન 2 જોડકા ગોઠવો.** **(07 ગુણ)**

**(અ)** **1**

| ‘અ’ વિભાગ | ‘બ’ વિભાગ |
|---|---|
| ૧. રેસનો ઘોડો | ૧. નિંબધ |
| ૨. વાઈરલ ઈન્ફેક્શન. | ૨. એકાંકી |
| | 3. નવલિકા |

**(બ)** નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તરો આપો. **2**
૧. અંકિતને પરીક્ષામાં ઊતીર્ણ થવાની ખુશીમાં કયાં-કયાં પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં?
૨. ભારતમાં ગંદકીથી ખલેલ પામનાર સંતનું નામ આપો ?

**(ક)** નીચે આપેલા પ્રશ્નોના બે – ત્રણ વાક્યોમાં ઉત્તર આપો. (ગમે તે એક) **2**
૧. લેખક કઈ બાબતને તંદુરસ્ત સમાજની મર્યાદા ગણાવે છે ?
૨. ‘ બેટા ચાલ મોડું થઈ ગયું ’ વિનુકાકાના આ શબ્દોનો ગૂઢાર્થ જણાવો ?

**(ડ)** નીચે આપેલા પ્રશ્નોનો મુદ્દાસર ઉત્તરો આપો. (ગમે તે એક) **2**
૧. ‘ભૂલી ગયા પછી ? ’ પાઠ આધારે મનીષાનો પાત્ર પરિચય કરાવો.
૨. આરોગ્યની જાળવણી બાબતે લેખકના વિચારો તમારા શબ્દોમાં વર્ણવો.

## <u>ગદ્ય વિભાગ</u>

**પ્રશ્ન 3 માગ્યા મુજબ ઉત્તરો આપો.** **(07 ગુણ)**

**[1]** નીચે આપેલા શબ્દોમાંથી સાચી જોડણી શોધી લખો **1**

(1) સહાનુભૂતિ

(2) સહાનૂભૂતિ

(3) સહાનુભુતિ

**[2]** નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ આપો. **1**

(1) સજ્જન

(2) નિરોગી

**[3]** (1) સંધિ છોડો **:** પ્રાર્થના **1**

(2) સંધિ જોડો : ભયમ્ + કર

**[4]** શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. **1**

(1) જે મ્ની કોઈ સંભાળ રાખનાર નથી તે-

**[5]** રૂઢિ પ્રયોગનો અર્થ આપો. **1**

(1) મનના મેલા હોવું.

**[6]** '**<u>રાવણવધ</u>**' શબ્દનો સમાસ ઓળખાવો. **1**

(1) તત્પુરુષ સમાસ

(2) મધ્યમપદલોપી સમાસ

(3) કર્મધારય સમાસ

**[7]** ધ્વની છૂટો પાડો. **1**

(1) ધ્રુમપાન

## <u>લેખન વિભાગ</u>

**પ્રશ્ન 4 <u>વિચાર વિસ્તાર (ગમે તે એક)</u>** **2**

**[અ]** (1) "આવ નહિ આદર નહિ, નહિ વચનમાં નેહ ;
તે ઘર કદી ન જાઈએ, ભલે કંચન વરસે મેહ."

(2) " મન મેલાં તન ઉજળાં, બગલાં કપરી અંગ ;
તેથી તો કાગા ભલા, તનમન એક જ રંગ,"

**[બ]** **<u>અહેવાલ લેખન</u>** . **2**

તમારી શાળામાં ઉજવાયેલ ૧૫ ઓગસ્ટના રાષ્ટ્રીયપર્વનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.

...................X...............................X................................

STD X UNIT TEST2 2020-2021 ગુજરાતી માધ્યમ

કુલ ગુણ :- 25 વિષય:- (13) ગુજરાતી દ્વિતિય ભાષા સમય:- 45 મીનીટ

---

**સૂચના:-** આ પ્રશ્નપત્ર માં કુલ પાંચપ્રશ્નો છે, જે તમામ ફરજિયાત છે.
ઉત્તરો તમારી એકમ કસોટી નોટબુકમાં લખવાના છે.

## વિભાગ અ

પ્રશ્ન 1 નીચે આપેલ જોડકાં યોગ્ય રીતે જોડો: (3 ગુણ)

| કૃતિ | કર્તા |
|---|---|
| 1. જીવમાં જીવ આવ્યો | મીરાંબાઈ |
| 2. મોરલી | વિકાસ શર્મા |
| 3. સામગ્રી તો સમાજની છે ને ? - | હરીકૃષ્ણપાઠક |

પ્રશ્ન 2 નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો: (4 ગુણ)

4. ફોરાં ઝરમર વરસ્યા ત્યારે પવન ડમરીનું શું થયું?
5. વૃંદાવનના માર્ગે વ્હાલો શું માંગે છે ?
6. ડૉ. કુરીયનનો જન્મદિન 26 નવેમ્બર કયા દિવસ તરીકે ઊજવાય છે ?
7. હોટેલમાં યુવાન દંપતિ ભોજન કેટલું મંગાવતા હતા ?

પ્રશ્ન 3 નીચેના પ્રશ્નનો સવિસ્તાર ઉત્તર લખો: (4 ગુણ)

8. ' શરણાઈના સૂર ' – કૃતિને આધારે પિતાની વેદનાનું વર્ણન કરો.

**અથવા**

8. પ્રયાણ નવલકથાખંડમાં નિષ્પન્ન થતી રમૂજના ચિત્રો વર્ણવો.

## વિભાગ B

પ્રશ્ન 4 **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.** (10 ગુણ)

9. નીચેનામાંથી કયો શબ્દ સમીપ શબ્દનો સમાનાર્થી છે ?

(A) હૃદય (B) હંમેશા (C) નજીક (D) દૂર

10. નીચેનામાંથી' પાયાના પથ્થર થવું ' રૂઢીપ્રયોગનો અર્થ કયો છે ?

(A) શરમ અનુભવવી (B) પ્રભાવિત કરવું

(C) શરૂઆતના કાર્યમાં વિશેષ યોગદાનઆપવું (D)ધીરજ ન રહેવી.

11. નીચેનામાંથી' પરમાત્મા' શબ્દની સાચી સંધિ કઈ છે?

(A) પર + આત્મા (B) પરમ + આત્મા

(C) પરો + આત્મા (D) પરમા + ત્મા

12. નવરાત્રિ – સમાસનો પ્રકાર ઓળખાવો.

(A) કર્માધારય (B) તત્પુરુષ

(C) મધ્યમપદલોપી (D) દ્વિગુ

13. તેની પાસે ફરી – ફરી................................ વ્યક્ત કરી.
(સાચી જોડણીવાળો ખૂટતો શબ્દ મૂકો.)

(A) દીલગીરી (B) દિલગીરી

(C) દિલગિરિ (D) દીલગિરી

14. નીચેનામાંથી સ્મરણ શબ્દનો વિરોધી શબ્દ કયો છે ?

(A) વિસ્મરણ (B) અસ્મરણ

(C) સંતાપ (D)નિંદા

15. ઘરની પાછલી દીવાલ – શબ્દસમૂહ માટે એક શબ્દ કયો છે ?

(A) કરો (B) તળિયું

(C) પછીત (D) રામણદીવડો

16. નીચેનામાંથી‘ બિહામણું ‘ શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) વખાણ (B) ભયાનક

(C) ખુશ (D)ગિરિ

17. નીચેનામાંથી મધ્યમપદલોપી સમાસ કયો છે ?

(A) શિષ્યવૃતિ (B) ચિંતાતુર

(C) પંચવટી (D)માલ – મિલકત

18. સાંકરાં – તળપદા શબ્દનો અર્થ લાખો :

(A) ભ્રમ (B) છોકરા

(C) ડબ્બી (D)દુ: ખ

## <u>વિભાગ C</u>

પ્રશ્ન 5 **નીચે આપેલ કાવ્યપંકિતનો વિચાર – વિસ્તાર કરો.** (4 ગુણ)

19. આવનહી, આદર નહી, નહી નયનોમાં નેહ,
તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

..................X...............................X.......................